# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 14-09-2026 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## ભૂપેન્દ્ર યાદવની કચ્છ મુલાકાત

કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવ બે દિવસની કચ્છ મુલાકાતે છે. મુલાકાતના બીજા દિવસે તેમણે નલિયા ખાતે ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ રહેણાક વિસ્તારની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે GIB માટેના સોફ્ટ રિલીઝ સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું અને વન વિભાગના 33 નવા પેટ્રોલિંગ વાહનોને લીલી ઝંડી આપી હતી.

અધિકારીઓએ મંત્રીશ્રીને માહિતી આપતાં જણાવ્યું હતું કે, કચ્છના આ લેન્ડસ્કેપમાં ગાડા બાવળ હટાવીને ૧૧ ચોરસ કિમી ઘાસભૂમિનું પુનઃસ્થાપન કરવામાં આવ્યું છે. તેમજ 30 કિમી લાંબી પ્રિડેટર-પ્રૂફ ફેન્સિંગ ઊભી કરવા સાથે જંગલી GIB માદાઓના ઈંડા બદલવાની અગ્રણી 'જમ્પ-સ્ટાર્ટ' હસ્તક્ષેપ પદ્ધતિ અપનાવવામાં આવી છે, જેના અત્યંત સકારાત્મક પરિણામો સામે આવ્યા છે."

આ ઉપરાંત, મંત્રીશ્રીએ સાયરા ખાતે ૪૭ દેશી પ્રજાતિના રોપાઓથી વિકસાવવામાં આવેલા ૧૦,૦૦૦થી વધુ વૃક્ષો ધરાવતા 'સાયરા વન કવચ'નું ઉદ્ઘાટન કર્યું હતું તેમજ જખૌ ખાતે તેમણે BSF જવાનો અને સ્થાનિકો સાથે મેન્ગ્રોવ વાવેતર કર્યું તથા સીવીડ અને ‘મિષ્ટી’ પહેલની કામગીરીની માહિતી મેળવી.

કેન્દ્રીય મંત્રી ભુપેન્દ્ર યાદવે ગુજરાતમાં પર્યાવરણ ક્ષેત્રે થઇ રહેલા કામોની પ્રશંસા કરતા તેમણે આ મુજબ કહ્યુ)

(બાઇટ : કેન્દ્રીય મંત્રી ભુપેન્દ્ર યાદવ)

કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવની સાથે ગુજરાતના વન અને પર્યાવરણ મંત્રી મંત્રી અર્જુન મોઢવાડિયા, રાજ્યમંત્રી ત્રીકમભાઇ છાંગા, સાંસદ વિનોદ ચાવડા સહિત ગુજરાત વન વિભાગ, બીએસએફ સહિત વિવિધ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ જોડાયા હતા.

---------------------------------------------------------------------------------------------------

## રેલ્વેની પરિયોજનાઓનું લોકાર્પણ

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આવતીકાલે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ગુજરાતમાં રેલવે અને વેપાર ક્ષેત્રને વેગ આપતી મહત્વપૂર્ણ પરિયોજનાઓનું લોકાર્પણ, શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં શિવલખા, ભીમાસર, દેવલિયા અને ચંડીસર ખાતે ચાર ગતિ શક્તિ કાર્ગો ટર્મિનલ રાષ્ટ્રને સમર્પિત કરાશે, તેમજ લિંચ GCT નું શિલાન્યાસ, ગોપાલપુર સ્ટેશનનું ઉદ્ઘાટન અને અંજાર સ્ટેશને ભુજ-શાલીમાર એક્સપ્રેસના સ્ટોપેજનો શુભારંભ થશે. આ પ્રોજેક્ટ્સથી રાજ્યમાં માલ પરિવહન અને મુસાફરોની સુવિધાઓ વધુ મજબૂત બનશે.

આ કાર્યક્રમમાં સંબંધિત ક્ષેત્રના મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો અને અન્ય જનપ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે.

---------------------------------------------------------------------------------------------------

## કચ્છમાં વરસાદ

બંગાળની ખાડીમાં સર્જાયેલા લો પ્રેશરના પગલે છેલ્લા બે-ત્રણ દિવસથી કચ્છના વાતાવરણમાં પલટો આવ્યો છે, આજે જિલ્લામાં ઝાપટાથી લઈને ધોધમાર વરસાદ પડ્યો છે. જિલ્લા કંટ્રોલરૂમમાંથી મળેલી વિગતો અનુસાર આજે સવારે 6 વાગ્યાથી લઇને સાંજના 6 વાગ્યા સુધીમાં ભુજ તાલુકામાં ૩૪ મિલીમીટર, નખત્રાણામાં ૨૧, મુંદ્રામાં ૨૦, માંડવીમાં ૧૯, અંજારમાં ૧૦, ભચાઉમાં ૪ અને અબડાસા તાલુકામાં ૧ મિ.મી. વરસાદ નોંધાયો છે. આજે સૌથી વધુ વરસાદ ગાંધીધામ તાલુકામાં ૩૫ મિલીમીટર વરસાદ નોંધાયો છે.  સવારે છ વાગ્યાથી અત્યાર સુધી જિલ્લામાં કુલ 144 મિલીમીટર વરસાદ નોંધાયો છે. મૌસમના કુલ વરસાદની વાત કરીએ તો અત્યાર સુધી કચ્છમાં ૬૫ ઇંચ જેટલો વરસાદ પડ્યો છે.

સારા વરસાદના પગલે  નખત્રાણાના આમારા ગામનું તળાવ છલકાતા ગ્રામજનોમાં ખુશીની લહેર છવાઈ ગઈ છે. ગામના સરપંચ દ્વારા તળાવના વધામણા કરવામાં આવ્યા હતા, જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉત્સાહભેર જોડાયા હતા.

લાંબા વિરામ બાદ આજે પડેલા સાર્વત્રિક વરસાદથી ખેડૂતો, પશુપાલકો અને જિલ્લાવાસીઓમાં આનંદની લાગણી છવાઇ ગઇ છે.

---------------------------------------------------------------------------------------

## <u>રાષ્ટ્રીય એઇડ્સ નિયંત્રણ કાર્યક્રમ</u>

કચ્છમાં રાષ્ટ્રીય એઇડ્સ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત આરોગ્ય વિભાગની કામગીરી સુદૃઢ કરવા અને HMIS ડેટાની ગુણવત્તા સુધારવા જિલ્લા કક્ષાએ ડેટા ક્વોલિટી મોનિટરિંગ સિસ્ટમ તાલીમ યોજાઈ હતી. દિશા યુનિટ-કચ્છ દ્વારા આયોજિત આ તાલીમમાં જિલ્લાના તમામ ફિમેલ હેલ્થ સુપરવાઈઝર ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મિતેષ ભંડેરી અને ક્ષય તથા એચઆઈવી અધિકારી ડૉ. મનોજ દવેના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ તાલીમમાં NACP કાર્યક્રમના ઇન્ડિકેટર્સ, HMISમાં નોંધાતી માહિતી અને વાસ્તવિક કામગીરી વચ્ચેની વિસંગતતાઓ દૂર કરવા પર ભાર મુકાયો હતો. સાથે જ PM-JAY સહિતની યોજનાઓના ડેટાની સમયસર અને સચોટ નોંધણી કરવા સૂચના અપાઈ હતી.

---------------------------------------------------------------------------------------

## ડીડીઓ દ્વારા ધ્રબ – ઝરપરા મુલાકાત

કચ્છ જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમે મુન્દ્રા તાલુકા પંચાયત કચેરીની મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરી હતી. ત્યારબાદ તેમણે ધ્રબ અને ઝરપરા ગામની મુલાકાત લીધી હતી.

આ બંને ગામોમાં સ્થાનિક અગ્રણીઓ અને પદાધિકારીઓએ તેમનું સ્વાગત કર્યું હતું. ડીડીઓએ ધ્રબ અને ઝરપરા ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, આંગણવાડી તથા ગ્રામ પંચાયત કચેરીની રૂબરૂ મુલાકાત લઈ ત્યાંની વ્યવસ્થાઓ અને વિકાસ કાર્યોનું સઘન નિરીક્ષણ કર્યું હતું. આ મુલાકાત દરમિયાન તેમની સાથે તાલુકા વિકાસ અધિકારી અનિલ ત્રિવેદી સહિતના અધિકારીઓ અને સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

---------------------------------------------------------------------------------------